**(શરૂ–૦૧:૨૮, પુર્ણ– ૦૨:૦૦)**
**સોગંદ આપ્યા.....**
**વાદી જગદીશભાઈ લક્ષ્મણભાઈ બરંડાની આંક–૨૦ની સરતપાસ લગત પ્રતિવાદી તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી એન.યુ.સોલંકી**

(૧) ગ્રાહકને ૨૦૧૫મા વીજ જોડાણ આપેલુ. હું તા.૦૯/૦૫/૨૦૨૩થી હળવદ શહેર પેટા વિભાગમા નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવુ છુ. એ વાત ખરી છે કે હાલના દાવાના ચેકીંગ સમયે હું અહી ફરજ બજાવતો ન હતો. એ વાત ખરી છે કે મને બનાવ અંગે જાત માહીતી નથી. તા.૧૫/૧૨/૨૦૨૦ના રોજ અમારી પીજીવીસીએલ કંપનીના અધિકારીઓ ગયેલા. આ અધિકારીઓ લેખીત હુકમથી ગયેલા કે કેમ તેનો મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે આ અધિકારીઓ ઈલેકટ્રીકલ ઈન્સ્પેકટરને સાથે રાખીને ચેકીંગમા ગયેલ નહી. એ વાત ખરી છે કે ચેકીંગ માટે પીજીવીસીએલ કંપનીના અધિકારીઓ કયા વાહનમા ગયેલા તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે હાલનો દાવો મે દાખલ કરેલ નથી. એ વાત ખરી છે કે હાલના દાવામા જે વાયરો કબજે લીધેલ છે તેવા વાયરો બજારમા મળે છે. એ વાત ખરી છે કે આ વાયરો એફએસએલમા મોકલેલ નથી. એ વાત ખરી છે કે ચેકીંગ સમયે કરેલ સહી પ્રતિવાદી ની નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ચેકીંગ સમયે જે હાજર હોય તેની સહી છે. હરેશભાઈ ભગવાનજીભાઈ જાદવને આ કામના પ્રતિવાદી દલવાડી ગોવિંદભાઈ લક્ષ્મણભાઈ સાથે શું સબંધ છે તે હું કહી શકુ નહી.એ વાત ખરી છે કે આ કામના પ્રતિવાદી દલવાડી ગોવિંદભાઈ લક્ષ્મણભાઈ અમારા કાયદેસરના ગ્રાહક છે. મને એ વાતનો ખ્યાલ નથી કે દિપકભાઈ સોંડાભાઈ દલવાડી દાવાવાળી જગ્યાના કબજેદાર છે. એ વાત ખરી છે કે સ્થળ પર દિપકભાઈ સોંડાભાઈ દલવાડીનો કબજો છે કે પ્રતિવાદી દલવાડી ગોવિંદભાઈ લક્ષ્મણભાઈનો કબજો છે કે કેમ તે હું કહી શકુ નહી.

સવાલ:– સ્થળ ઉપર  દિપકભાઈ સોંડાભાઈ દલવાડી વિજચોરી કરતા હતા કે પ્રતિવાદી દલવાડી  ગોવિંદભાઈ લક્ષ્મણભાઈ વિજચોરી કરતા હતા તે તમે કહી શકો નહી?

જવાબ:– ચેકીંગ સમયે સ્થળ ઉપર પીજીવીસીએલનુ વાણીજય હેતુનુ કાયદેસરનુ વિજજોડાણ દલવાડી ગોવિંદભાઈ લક્ષ્મણભાઈના નામનુ ચાલુ સ્થીતીમા હતુ અને તેમા વિજચોરી પકડાયેલ હતી.

સવાલ:– તમે સ્થળ પર હાજર ન હોવાથી કઈ રીતે વિજચોરી કરતા હતા તે તમે કહી શકો નહી?

જવાબ:– હું સ્થળ પર હાજર ન હતો પરંતુ હું રેકર્ડ આધારીત દસ્તાવેજો જોઈને જણાવુ છુ કે કાયદેસરના વિજજોડાણમા સર્વીસ લાઈનમા વચ્ચે સાંધો કરીને ફેઝ અને ન્યુટલ ડાયરેકટ લઈ સીધા લોડ સાઈડમા જોડેલ હતા અને મીટરમા નોંધાતો વિજ વપરાશ અટકાવી મીટર બાયપાસ કરી વિજચોરી કરતા હતા.

મને એ વાતનો ખ્યાલ નથી કે અમારા ગ્રાહક દલવાડી ગોવિંદભાઈ લક્ષ્મણભાઈની ઉંમર આશરે ૭૫ વર્ષની છે. એ વાત ખરી છે કે આંક–૨૨ની ચેકીંગ શીટમા હરેશભાઈ ભગવાનજીભાઈ જાદવની સહી છે અને ચેકીંગ શીટની કોપી પણ હરેશભાઈ ભગવાનજીભાઈ જાદવને મળેલ છે.

આ તબકકે વધુ ઉલટ તપાસ માટે મુદત અરજી આવતા સબબ કામ વધુ ઉલટ તપાસ માટે મુલતવી.

સ્થળ:– હળવદ.
તારીખ:– ૦૩/૦૨/૨૦૨૬.

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧